## અમદાવાદ શહેરમાં મો.સા. ની ચોરી કરતા આરોપીને ચોરીની મો.સા. સાથે ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા માટે સર્વેલન્સ પો.સબ.ઇન્સ. પી.આર. ગામીત તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ હે.કોન્સ. અમીતકુમાર ગણેશભાઇ બ.નં-૪૫૯૬ તથા અનાર્મ લોકરક્ષક ગંગારામ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧ નાઓને મળેલ બાતમી આધારે આરોપી વિલીયમ રોસંગલીયાના એચ લાલરીનોમા હમાર ઉ.વ.૨૫ ધંધો-બેકાર રહે-મ.નં-૧૩૨, સનવીલા રો-હાઉસ, ધર્મેશભાઇ ત્રીવેદીના મકાનમાં, મેમનગર ગામ, અમદાવાદ શહેર મુળ વતન ગામ-મીશન વેંગથાન જી-આઇઝોલ રાજ્ય-મિઝોરમનાને ચોરીની પલ્સર મો.સા. નંબર GJ-01-UK 9698 નો છે જેનો એ.નં-03271 તથા ચે.નં-03૬૩૭ નો છે જે મો.સા.ની હાલની કિ.રૂ-૬૦,૦૦૦/- ની ગણી શકાય જે સાથે પકડી પાડતા અને સદર બાબતે તપાસ કરતા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૦૦૦૯/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી ઇસમને ચોરીના મો.સા. સાથે પકડી પાડી સદર મો.સા. ચોરીના ગુનામાં કબ્જે કરી આરોપીને તા-૧૨/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે તેમજ આગળની વધુ તપાસ પો.સ.ઇ. પી.આર. ગામીતનાઓ કરી રહ્યા છે.



Scanned by CamScanner